**મતદાર યાદી સુધારણા બાદ કાર્યવાહીનો તબક્કો શરૂ, સુનાવણીનો પડકાર મોટો, 35 જ દિવસમાં**

# હવે 11.80 લાખ મતદારની સુનાવણી

**935 ઈઆરઓ રોજ 33714 મતદારને સાંભળશે, મતદાર હાજર નહીં રહે કે યોગ્ય પુરાવા રજૂ નહીં કરે તો નામ કમી થશે**

સુરતઃ મતદાર યાદી સુધારણા (SIR) કાર્યક્રમ પૂર્ણ થયા બાદ હવે ચૂંટણી તંત્ર માટે સૌથી મોટો પડકાર સુનાવણીની પ્રક્રિયા બન્યો છે. કુલ 11.80 લાખ એવા મતદારો સામે આવ્યા છે જેમના નામો વિવિધ રેકોર્ડ સાથે મેચિંગ ન થતા હોવાથી તેમને નોટિસ આપીને સુનવણી માટે બોલાવવામાં આવશે. આ સમગ્ર પ્રક્રિયા માત્ર 35 દિવસમાં પૂર્ણ કરવાની યોજના બનાવવામાં આવી છે. ચૂંટણી તંત્ર દ્વારા આ જવાબદારી માટે કુલ 935 આસિસ્ટન્ટ ચૂંટણી અધિકારીઓને નીમવામાં આવ્યા છે. આ પ્રમાણે સરેરાશ ગણતરી કરવામાં આવે તો એક આસિસ્ટન્ટ ચૂંટણી અધિકારીને 1,250થી વધુ મતદારોની સુનાવણી લેવાની રહેશે. આંકડાઓ પર નજર કરીએ તો સમગ્ર જિલ્લામાં દરરોજ સરેરાશ ૩૩,૭૧૪ મતદારોની સુનાવણી કરવાની રહેશે. આટલી વિશાળ સંખ્યામાં મતદારોની ઓળખ અને નિવાસ સંબંધિત દસ્તાવેજોની ચકાસણી કરવી એ ચૂંટણી તંત્ર માટે વહીવટી દૃષ્ટિએ પણ મોટી કસરત બની રહી છે. નોટિસ આપવાની પ્રક્રિયા ૨૧ તારીખથી શરૂ થઈ ૨૭ તારીખ સુધી ચાલશે. ત્યારબાદ સુનાવણીનો તબક્કો શરૂ થશે, જેમાં મતદારોને પોતાની ઓળખ અને રહેણાંક પુરાવા રજૂ કરવાની તક આપવામાં આવશે. અધિકારીઓએ જણાવ્યું છે કે સુનાવણી દરમિયાન રજૂ થયેલા દસ્તાવેજોના આધારે જ નામો મતદાર યાદીમાં યથાવત રાખવા કે કાઢી નાંખવા, તે અંગે અંતિમ નિર્ણય લેવાશે. ઈઆરઓની ટીમ ઓછી પડતી હોવાથી ઘણાં નાયબ મામલતદારોના, મામલતદાર તરીકેના ઓર્ડર કરાયા છે.

**પ્રભારી સચિવ ડો.રાજીવ ટોપનોની અધ્યક્ષતામાં બેઠક મળી**

## મતદાર યાદીની ચોકસાઈ પર ભાર: સુરતમાં SIR કાર્યક્રમની તબક્કાવાર સમીક્ષા

**ડિજિટાઈઝેશનથી** લઈ સ્થળાંતર-મૃત મતદારો સુધીની વિગતવાર સમીક્ષા

**રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે પણ બેઠક**

આ સમીક્ષા બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ડો.સૌરભ પારઘી, અધિક જિલ્લા ચૂંટણી અધિકારી અમિત ચૌધરી સહિત જિલ્લાના 16 વિધાનસભાના ઈ.આર.ઓ. ઉપસ્થિત રહ્યા હતા. બાદમાં રાજકીય પક્ષો સાથે યોજાયેલી બેઠકમાં પણ પક્ષોના પ્રતિનિધિઓએ હાજરી આપી પોતપોતાનાં સૂચનો અને અભિપ્રાયો રજૂ કર્યા હતા. રાજકીય પક્ષોને પણ આ સુનાવણી અને આગળની કાર્યવાહીમાં ખાસ મદદ કરવા કહેવાયું છે.

સુરતઃ સુરત જિલ્લાની મતદાર યાદી વધુ ચોક્કસ, પારદર્શક અને અપડેટ રહે તે હેતુથી સોમવારે કલેક્ટર કચેરીના સભાખંડમાં ખાસ સંક્ષિપ્ત મતદાર યાદી સુધારણા કાર્યક્રમ (SIR) અંતર્ગત મહત્ત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકની અધ્યક્ષતા સુરત જિલ્લા પ્રભારી સચિવ ડો.રાજીવ ટોપનો દ્વારા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લાની તમામ 16 વિધાનસભાના ઇલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઓફિસરો (ઈ.આર.ઓ.) તેમજ બાદમાં રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન એસ.આઈ. આર. કાર્યક્રમ અંતર્ગત સુરત જિલ્લામાં અત્યાર સુધીમાં કરવામાં આવેલી કામગીરી અંગે પી.પી.ટી. પ્રસ્તુતિ મારફતે વિસ્તૃત માહિતી રજૂ કરવામાં આવી હતી, પ્રભારી સચિવે તમામ પ્રક્રિયાઓમાં દસ્તાવેજીકરણ (ડોક્યુમેન્ટેશન) ને વધુ મજબૂત બનાવવા અને સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ થાય તે માટે સૂચનાઓ આપી હતી.

## હજીરા ખાતેના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરના બાંધકામમાં મોટું કૌભાંડ?

**સુંવાલી** ગામે ફાળવાયેલી 50 હજાર ચો.મી. જમીન પર વર્ષોથી કામ ધીમું, સાઇટ બંધ હાલતમાં

સુરતઃ સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના હજીરા કાંઠા વિસ્તારમાં તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી માટે મહત્વપૂર્ણ એવા ડિઝાસ્ટર પ્રિવેન્શન મેનેજમેન્ટ સેન્ટરના બાંધકામમાં ગંભીર બેદરકારી અને સુનિયોજિત કૌભાંડ થવાની ફરિયાદ સામે આવી છે.

હજીરા કાંઠા વિસ્તાર વિકાસ સહકારી મંડળી લી.ના પ્રમુખ દીપકભાઈ ડી. પટેલ દ્વારા કલેક્ટર, ઔદ્યોગિક સલામતી અને આરોગ્ય સંયુક્ત નિયામક તથા નાયબ શ્રમ આયુક્તને સંબોધીને કરવામાં આવેલી લેખિત રજૂઆતમાં જણાવ્યા અનુસાર, મોજે સુંવાલી ગામના સરકારી સર્વે નંબર 498/1માં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટર માટે તા. 8 ઓગસ્ટ 2022 રોજ કલેક્ટર દ્વારા GSDMAને અંદાજે 50,000 ચો.મી. જમીન ફાળવવામાં આવી હતી. આ સેન્ટરનું બાંધકામ છેલ્લા લાંબા સમયથી ચાલુ હોવા છતાં કામગીરી અત્યંત ધીમી ગતિએ ચાલી રહી છે. તાજેતરમાં સ્થળ પર કરાયેલી તપાસ દરમિયાન બાંધકામ સાઇટ લગભગ બંધ હાલતમાં હોવાનું જોવા મળ્યું હતું. સ્ટીલ, રેતી, કપચી સહિતની ભારે માત્રામાં બાંધકામ સામગ્રી ખુલ્લામાં, કોઈપણ પ્રકારની સુરક્ષા વિના જાહેર રોડની બાજુમાં પડી હોવાનું સામે આવ્યું છે.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે આ બાંધકામ સામગ્રી ઉપર ઝાડીઓ અને વેલાઓ ઊગી નીકળેલા છે, જેના કારણે સામગ્રીની ગુણવત્તા બગડી રહી છે. લાંબા સમયથી ખુલ્લામાં પડેલી સામગ્રીમાંથી મોટો જથ્થો ચોરી થયો હોવાની કે જાણબૂઝીને ચોરી કરાવી સગેવગે કરી દેવાઈ હોવાની ગંભીર આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ બાબત ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટર જેવી અતિ મહત્વની યોજનામાં ગંભીર ચિંતાજનક ગણાઈ રહી છે. આ ઉપરાંત, હાલ જે કમ્પાઉન્ડ વોલનું થોડું બાંધકામ થયું છે તે પણ અત્યંત નબળી ગુણવત્તાનું હોવાનું સ્થળ પર પ્રથમ દ્રષ્ટીએ જણાય છે.

દીપકભાઈ પટેલે રજૂઆતમાં જણાવ્યું છે કે ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરની કામગીરી લાંબા સમયથી ખેંચાતી હોવાથી તેમાં મોટા પાયે સુનિયોજિત રીતે કૌભાંડ થતું હોવાની પૂરી શક્યતા છે. તેથી સંબંધિત અધિકારીઓ દ્વારા તાત્કાલિક સ્થળ તપાસ કરી જવાબદાર અધિકારીઓ સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

## ખોખરાની સેવન્થ ડે હાઈસ્કૂલ સરકારે હસ્તગત કરી લીધી

**અમદાવાદ** મણિનગરની આ શાળામાં ધો.8ના વિદ્યાર્થીએ ધો.10ના વિદ્યાર્થીને ચપ્પુ મારતા મોત નીપજ્યું હતું

**શાળાના મેનેજમેન્ટ દ્વારા અનેક નિયમોનું ઉલ્લંઘન કર્યાનું સામે આવતા કાર્યવાહી**

મેનેજમેન્ટ, ટ્રસ્ટ અને શાળાના પરિસરમાં ફેરફાર બાબતે શાળા મંડળ દ્વારા પ્રાઇમરી એજ્યુકેશન રૂલ્સના નિયમોનું પણ ઉલ્લંઘન કર્યું હોવાનું જણાયું હતું. આ ઉપરાંત કેટલીક જોગવાઈઓનો સ્પષ્ટ ભંગ થયો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ આવતા, તેમજ ટ્રસ્ટ, સોસાયટી બાબતે અસ્પષ્ટતા, શાળામાં પુસ્તકોનું વેચાણ અને નફાખોરી, શાળામાં શિફ્ટ ચલાવવા માટેની મંજૂરીનો અભાવ અને ભાડાકરાર કરારનો ભંગ જેવી બાબતોની જોગવાઈઓનું પાલન નહીં કરાયું હોવાથી આ શાળામાં હાલમાં ભણતા 10,000થી વધુ વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં લઇ કોઈપણ વિદ્યાર્થીને નવું એડમિશન ન આપવાની શરતે વહીવટ સરકાર હસ્તક લેવાનું નક્કી કરવામાં આવ્યું છે.

અમદાવાદઃ અમદાવાદ શહેરના ખોખરા મણિનગર વિસ્તારની સેવન્થ ડે હાઇસ્કુલ સરકારે હસ્તગત કરી લીધી છે. આ શાળાના વહીવટદાર તરીકે અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીને નીમવામાં આવ્યા છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, આ હાઈસ્કૂલમાં ધોરણ 8ના વિદ્યાર્થીએ ધોરણ 10માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ઉપર તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કરતા તેનું મોત નીપજ્યું હતું, ત્યારબાદ આ શાળા વિવાદમાં આવી હતી.

સેવન્થ ડે હાયર સેકન્ડરી સ્કૂલ આઈસીએસઈ બોર્ડ સંલગ્ન ધોરણ 1થી 12 અને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધોરણ 11 અને 12 વિજ્ઞાન પ્રવાહની કાર્યરત શાળા છે. ઘટના બાદ શાળા સામે કાર્યવાહી કરવા જુદી જુદી રજૂઆતો મળી હતી. આ રજૂઆતોના પગલે પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદને તપાસ સોંપી અહેવાલ રજૂ કરવા જણાવ્યું હતું. આ અહેવાલના પગલે તેમજ નિયામક પ્રાથમિક શિક્ષણ કચેરીના અભિપ્રાય બાદ સેવન્થ ડે હાયર સેકન્ડરી સ્કૂલની માન્યતા અને જોડાણ તેમજ વધારાના વર્ગો માટેની પરવાનગી બાબતે નિયમોનું ઉલ્લંઘન કર્યું હોવાનું જણાયું હતું.

**એકલી બેઠેલી બંને વિદ્યાર્થિનીની મહિલા GRPએ પૂછપરછ કરતાં સામે આવ્યું**

## ભણવા માટે ઠપકો આપતાં યુપીથી બે વિદ્યાર્થિની સુરત ભાગી આવી

**સ્કૂલમાં** જવાનું કઈ ઘરેથી નીકળી સુરતની ટ્રેનમાં બેસી ગઈ હતી

**સુરત** સ્ટેશને બંને વિદ્યાર્થિની વેઈટિંગ રૂમમાં આવીને બેસી ગઈ હતી, બંનેને પરિવારને સોંપાઈ

સુરતઃ સુરત રેલવે સ્ટેશન ઉપર મહિલા જીઆરપીને બે છોકરીઓ એકલી બેઠેલી જોવા મળી હતી. તેમની પૂછપરછ કરતાં બંનેને ભણવા બાબતે માતા-પિતા ઠપકો આપતા હોવાથી યુપીથી ટ્રેનમાં બેસી સુરત ભાગી આવી હોવાનું જણાવ્યું હતું.

સુરત રેલવે સ્ટેશન જીઆરપીની ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી. ત્યારે મહિલા એ.એસ.આઈ. મનીષબેને મહિલા વેઈટિંગ રૂમમાં બે છોકરીને શંકાસ્પદ બેઠેલી જોઈ હતી. આ છોકરીઓને પૂછતાં તેઓ પરિવારના સભ્યો સાથે આવી હોવાનું અને તેનો ભાઈ લેવા આવી રહ્યો હોવાનું મનીષાબેનને કહ્યું હતું. પરંતુ મનીષાબેનને તેમની વાત ઉપર વિશ્વાસ ન આવતાં તેમના ભાઈનો મોબાઈલ નંબર પૂછ્યો હતો.

આ છોકરીઓએ ભાઈનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ હોવાનું કહેતાં મનીષાબેનની શંકા પ્રબળ બની હતી. બંને છોકરીઓને વિશ્વાસમાં લઈ રેલવે પોલીસ સ્ટેશન લઈ આવ્યાં હતાં. જ્યાં પી.આઈ. જે.પી.મીઠાપરાના માર્ગદર્શનમાં છોકરીઓની પૂછપરછ કરતાં બંને છોકરીએ ઉત્તરપ્રદેશ ફિરોજાબાદની હોવાનું કહ્યું હતું. જેમાંથી એક છોકરીએ રિયા (નામ બદલ્યું)એ પોતે 16 વર્ષની હોવાનું અને ધોરણ-10માં અભ્યાસ કરતી હોવાનું જણાવ્યું હતું. જ્યારે બીજી છોકરીએ પોતાનું નામ અરુણા (નામ બદલ્યું) અને 19 વર્ષની હોવાનું જણાવ્યું હતું. તે કોલેજના પહેલા વર્ષમાં અભ્યાસ કરતી હોવાનું જણાવ્યુ હતું.

બંને છોકરીને માતા-પિતા ભણવા બાબતે ટોકતા હતાં. આ વાતનું માઠું લાગતાં શનિવારે ઘરેથી સ્કૂલમાં જવાનું કઈ નીકળી હતી. સ્કૂલમાં નહીં જઈ સ્ટેશન પર જઈ સુરત આવી રહેલી ટ્રેનમાં બેસી ગઈ હતી. અને સુરત સ્ટેશન ઉપર મહિલા વેઈટિંગ રૂમમાં આવી બેસી ગઈ હતી. બંને છોકરીઓના પરિવારને જાણ કરી તેમને સોંપી હતી.

## CID ક્રાઈમના PI તથા કોન્સ્ટેબલ 30 લાખની લાંચ લેતા ઝડપાયા

ગાંધીનગરઃ ગુજરાત એસીબીની ટીમે ગાંધીનગરમાં મહત્વનું ઓપરેશન હાથ ધરીને સીઆઈડી ક્રાઈમ ગાંધીનગરના પોઈ પી કે પટેલ તથા તેમના સાગરિત જેવા પોકો વિપુલ દેસાઈને 30 લાખ રૂપિયાની લાંચ લેતા રંગે હાથ ઝડપી લીધા છે.

આ અંગે સીઆઈડી ક્રાઈમની ગાંધીનગરની ઓફિસમાં ગુનો દાખલ થયો છે. આ કેસમાં જેમની સામે આક્ષેપ છે તેમની સામે કોઈ કાર્યવાહી નહીં કરવા માટે આરોપીઓ દ્વારા 30 લાખ રૂપિયાની લાંચ માંગવામાં આવી હતી. આ 30 લાખની રકમ ગાંધીનગરમાં સ્વાગત સિટી મોલ પાસે સ્વીકારતા પોઈ પી કે પટેલ તથા તેમના સાગરિત જેવા પોકો વિપુલ દેસાઈ પણ એસીબીના છટકામાં રંગે હાથે ઝડપાઈ ગયા હતા. આ બંને લાંચ કેસમાં ઝડપાયેલા અધિકારીઓ સીઆઈડી ક્રાઈમમાં ફરજ બજાવે છે. ઘટનાને પગલે રાજ્યના પોલીસબેડામાં ખળભળાટ મચી ગયો છે.

## CET 2026 માટે હવે 19મી સુધી આવેદન ભરી શકાશે

સુરતઃ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) 2026 પરીક્ષા માટે ઓનલાઈન આવેદનપત્ર ભરવાની મુદત લંબાવવામાં આવી છે. રાજ્ય પરીક્ષા બોર્ડના અગાઉ 1 ડિસેમ્બર 2025 અને 4 ડિસેમ્બર 2025ના જાહેરનામા અનુસાર CET 2026 પરીક્ષા માટે ઓનલાઈન આવેદનપત્ર ભરવાની પ્રક્રિયા 2 ડિસેમ્બર 2025થી 15 ડિસેમ્બર 2025 સુધી રાખવામાં આવી હતી. અનેક ઉમેદવારો તરફથી સમય વધારવાની રજૂઆતોને ધ્યાનમાં રાખીને બોર્ડે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

### અનુસંધાન... પાના છેલ્લાનું

**ચીન, મુંબઈ...**

હતા. 5 દિવસ ચાલેલા ખેલમાં એકને ભારત બોલાવી મુંબઇની હોટલ અને સુરતમાં ડિજિટલ એરેસ્ટ રાખ્યો. જ્યારે બીજાને ચીનમાં જે હોટેલમાં રોકાયો ત્યાં ડિજિટલ એરેસ્ટ રાખ્યો હતો. આ દરમિયાન હીરાની થયેલી ડીલ વિશે માહિતી મેળવી મની લોન્ડરિંગ કેસમાં ફસાવવાનું કહી આરબીઆઈમાં પૈસા વેરિફાઈ નામે 60 લાખ ખંખેરી લીધા હોવાનો કિસ્સો સામે આવ્યો છે.

ઉત્રાણમાં રહેતા જલન ગોટી (નામ બદલ્યું છે) વરાછામાં હીરાનો વેપાર કરે છે. તા.27-12-2024ના રોજ તે પિતરાઇ ભાઇ નૈનેશ ડાવર (નામ બદલ્યું છે) સાથે હીરાના વેપાર માટે ચીનના નીમ્બો સીટી ગયા હતા. ત્યારે સાંજે નૈનેશના મોબાઇલ ફોન પર કોલ આવ્યો હતો. અને પોતે નેશનલ પાર્સલમાંથી બોલતા હોવાનું અને મુંબઇમાં તેમનું પાર્સલ પકડાયું હોવાનું અને તેમાં ડ્રગ્સ અને ક્રેડિટ કાર્ડ હોવાનું કહ્યું હતું. બાદમાં ફોન કરનારે સાયબર ક્રાઇમના અધિકારી તરીકે સુનિલ દુબેને ફોન આપ્યો હતો. જ્યારે તેણે નૈનેશને ડિજિટલ એરેસ્ટ કરીને 'સ્કાય પે' એપ્લિકેશન ડાઉન લોડ કરાવી તેના આધારકાર્ડ બેંકની વિગતો મેળવી લઇને અલગ રૂમમાં જતા રહેવા માટે કહ્યું હતું.

**નૈનેશે પોતાના...**

લાખ જલનના બેંક ખાતામાં ટ્રાન્સફર કરી આપ્યા હતા. પૈસા આવતા જલને જાણ કરતા ઠગોએ એક બેંક ખાતું આરબીઆઈનું હોવાનું કહી 60 લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા. બાદમાં બંને ઠગો આરબીઆઈમાં વેરિફાઈ થઈ આ રૂપિયા 3 દિવસમાં પરત આવી જવાનું કહી જેમિશને ચીનથી ભારત પરત આવી જવા કહી ફોન મૂકી દીધો હતો. આ દરમિયાન દર કલાકે ફક્ત મેસેજ કરવાનું કહી દમ માર્યો હતો. બાદમાં જૈમિશ પણ 2/12/2024/ના રોજ ભારત આવી ગયો હતો. સમય વીત્યે પૈસા પરત નહીં આવતા તેમની સાથે ઠગાઇ થઇ હોવાનું માલમ પડ્યું હતું. પોલીસે ચાલુ કરેલા મ્યુલ ઓપરેશન હેઠળ જૈમિશે સાયબર ક્રાઇમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

**લવ જેહાદના...**

જાહેર માર્ગ પર ઘેરીને માર માર્યો હોવાના દૃશ્યો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસની ભૂમિકા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર સવાલો ઊભા થયા છે. અઠવાલાઈન્સ વિસ્તારમાં બનેલી આ ઘટનામાં ABVPના કાર્યકરોએ એક યુવક પર કોલેજની વિદ્યાર્થિનીને હેરાનગતિ કરવાના અને 'લવ જેહાદ'ના આક્ષેપો લગાવી જાહેરમાં હુમલો કર્યો હતો. ઘટનાનો વીડિયો સામે આવતા સ્પષ્ટ જોવા મળે છે કે, કાર્યકરો યુવકને રસ્તા પર પકડીને મુક્કા અને લાતોથી માર મારતા હતા. સૌથી ચોંકાવનારું પાસું એ રહ્યું કે, આ સમગ્ર ઘટનાના સમયે ત્યાં ટ્રાફિક પોલીસના જવાનો હાજર હોવા છતાં ટોળું બેકાબૂ બની ગયું હતું. વાયરલ થયેલા વીડિયોમાં દેખાય છે કે, પોલીસ કર્મચારીઓએ ટોળાને રોકવાનો માત્ર ઔપચારિક પ્રયાસ કર્યો હતો. પોલીસની હાજરીમાં જ યુવકનો કોલર પકડીને તેને જાહેરમાં અપમાનિત કરવામાં આવ્યો. યુવક હાથ જોડીને માફી માંગતો હોવા છતાં કાર્યકરો દ્વારા વાળ ખેંચી તેને માર મારવામાં આવ્યો હતો. આ દૃશ્યોને લઈને શહેરમાં ભારે પ્રતિક્રિયા જોવા મળી રહી છે.

**પશ્ચિમ એક્સ.માં...**

તણાવનું વાતાવરણ સર્જાયું હતું. જો કે, સમયસર પોલીસની દખલગીરીથી મોટો બનાવ બનતાં અટક્યો હોવાનું રેલવે સૂત્રોએ જણાવ્યું હતું.

**ઈડલી ઢોસાની...**

૨ વાગ્યા આસપાસ તેમના મિત્ર પ્રભુભાઈ તેલીએ ફોન કરીને જાણ કરી કે મંદિર પાસે ગૌશાળામાં કોઈ વ્યક્તિ ફરી રહી છે. બળદેવભાઈ તરત જ ત્યાં પહોંચ્યા તો જોયું કે એક વ્યક્તિ ગાયના પાછળના પગને દોરીથી બાંધી તેની સાથે દુષ્કર્મ કરી રહ્યો છે. હવસખોરની નજર બળદેવભાઈ પર પડતાં તે ત્યાંથી ભાગી છૂટ્યો હતો. જેથી બળદેવભાઈએ તે વ્યક્તિનો પીછો કર્યો હતો. રસ્તામાં અલ્પેશનગર સોસાયટીના બે યુવાન મોપેડ પર જતા હતા, તેમને જાણ કરતાં તેમની મદદથી આ વ્યક્તિનો પીછો કર્યો હતો. એલ.પી.સવાણી ચાર રસ્તા પાસે ૧૧૨ નંબરની જનરક્ષક પોલીસની ગાડી મળી તો તેમણે બળદેવભાઈને ઊભા રાખી પૂછપરછ કરી હતી. તેઓ પણ હકીકત સાંભળી ચોંકી ઊઠ્યા હતા અને તેમણે પણ નરાધમની શોધખોળ શરૂ કરી હતી. આખરે આરોપી જલારામ ખમણ હાઉસ સામેના ફોર-વ્હીલ ગેરેજ પાસે છુપાયેલા હતો. પોલીસ અને બળદેવભાઈએ તેને ઘેરી લઈ પકડી લીધો હતો. પોલીસે પૂછપરછ કરતાં તેનું નામ ૨૧ વર્ષીય બ્રિજમોહન રવિન્દ્ર યાદવ ઉર્ફે અશરફી યાદવ જણાવ્યું હતું. પોલીસ તેને પીસીઆરમાં બેસાડી અડાજણ પોલીસ સ્ટેશનમાં લઈ આવી હતી. પોલીસે નરાધમ બ્રિજમોહન વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. પોલીસે તેની વધુ પૂછપરછ કરતાં તે અડાજણસ્થિત સ્ક્વેર બિલ્ડિંગના ઓમશિવ શક્તિ મુર્ગન ઈડલી ઢોસાની દુકાનમાં કામ કરે છે અને ત્યાં જ રહે છે.

## સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજની હોસ્ટેલ બિલ્ડિંગની પેઈડ FSI માફ નહીં થશે

**3.78 કરોડ** રૂપિયા માફ કરવા મનપા શાસકોએ ઠરાવ કર્યો હતો, જો કે રાજ્ય સરકારે માન્ય રાખ્યો નહીં

સુરતઃ સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા શહેરના ઉત્તર ઝોનમાં ટીપી સ્કીમ નં. 85 (સરથાણા-પાસોદરા-લસકાણા) તથા ટીપી સ્કીમ નં. 58 (વાલક) વિસ્તારમાં ફાયનલ પ્લોટ નં. 58 અને 16-એ પર કુલ 4,760 ચોરસ મીટર જમીન ઉપર સામાજિક અને શૈક્ષણિક હેતુસર વિશાળ હોસ્ટેલ નિર્માણ કરવાનો પ્રોજેક્ટ હાથ ધરાયો છે. આ પ્રોજેક્ટની વિકાસ પરવાનગી અંર્તગત સંસ્થાને પેઇડ એફએસઆઇ પેટે 3.78 કરોડથી વધુ રકમ ભરવાની થાય છે. જો કે સંસ્થા દ્વારા આ ચાર્જ ભરવામાંથી મુક્તિ આપવા રજૂઆત કરાઇ હોવાથી શાસકો દ્વારા પેઇડ એફએસઆઇના નાણાં માફ કરવાનો ઠરાવ સ્થાયી સમિતિ તેમજ સામાન્ય સભામાં કરાયો હતો. જો કે રાજ્ય સરકારે આ ઠરાવને માન્ય નહીં રાખતા ઠરાવ રદ કરવા માટે શાસકો સમક્ષ દરરખાસ્ત મુકવામાં આવી છે.

આ પ્રોજેક્ટ માટે સુરત મહાનગરપાલિકાની વિકાસ પરવાનગી હેઠળ પેઇડ એફએસઆઇ પેટે સંસ્થાએ કુલ રૂ. 3,78,71,730/- ભરવાના થાય છે. જેમાંથી સંસ્થાએ પ્રથમ હપ્તા તરીકે રૂ. 47,33,966 સુરત મનપાને જમા કરાવી દીધા છે. દરમિયાન સંસ્થાએ સરકાર તેમજ મનપાને રજૂઆત કરી છે કે પ્રસ્તાવિત ઇમારત સંપૂર્ણપણે સમાજના વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક હેતુ માટે ઉપયોગમાં લેવાશે. હોસ્ટેલમાં ખાસ કરીને અભ્યાસ અર્થે સુરતમાં આવતા વિદ્યાર્થીઓને વાજબી દરે રહેવાની સુવિધા મળશે. વ્યાવસાયિક લાભનો કોઈ ઉદ્દેશ નહીં હોવાથી પેઇડ એફએસઆઇમાંથી મુક્તિ આપવામાં આવે તેવી માંગણી સંસ્થા દ્વારા કરવામાં આવી છે.

આ માંગણીના અનુસંધાને મનપાના શાસકો દ્વારા તો પેઇડ એફએસઆઇ માફ કરતો ઠરાવ કરી દેવાયો હતો, જો કે ધી બીપીએમસી એક્ટ 1949ની કલમ 451ની જોગવાઇ હેઠળ તેને રદ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો હોવાથી આ મુજબનો પત્ર સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા મનપાને પાઠવાતા, આ દરખાસ્ત રદ કરવા સ્થાયી સમિતિ સમક્ષ દરખાસ્ત મુકવામાં આવી છે.

### અનુસંધાન... પાના પહેલાનું

**નવેમ્બરમાં ભારતની...**

વૃદ્ધિ નોંધાઈ છે.

સોનાની આયાત ૫૯.૧૫ ટકા ઘટીને ૪ અબજ ડોલર થઈ ગઈ છે. આ મહિના દરમિયાન ક્રૂડ ઓઇલની આયાત પણ ૧૧.૨૭ ટકા ઘટીને ૧૪.૧૧ અબજ ડોલર થઈ. આયાતમાં ઘટાડાથી નવેમ્બરમાં દેશની વેપાર ખાધ (આયાત અને નિકાસ વચ્ચેનો તફાવત) ઘટાડવામાં પણ મદદ મળી છે. આ વર્ષે અગાઉનું સૌથી નીચું સ્તર સ્તર ૧૮.૭૮ અબજ ડોલર હતું. ઓક્ટોબરમાં વેપાર ખાધ ૪૧.૬૮ અબજ ડોલરની રેકોર્ડ સપાટીએ રહી હતી. એપ્રિલ-નવેમ્બર દરમિયાન કુલ નિકાસ ૨.૬૨ ટકા વધીને ૨૯૨.૦૭ અબજ ડોલર થઈ હતી, જ્યારે આઠ મહિના દરમિયાન આયાત ૫.૫૯ ટકા વધીને ૫૧૫.૨૧ અબજ ડોલર થઈ હતી. ખાધ ૨૨૩.૧૪ અબજ ડોલર થઈ હતી. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે નવેમ્બરમાં આઉટબાઉન્ડ શિપમેન્ટ આ વર્ષે ઓક્ટોબરમાં થયેલા નુકસાનને સરભર કરે છે. નવેમ્બર નિકાસ માટે સારો મહિનો રહ્યો છે એમ તેમણે જણાવ્યું હતું. અમેરિકા દ્વારા ભારતીય માલ પર ૫૦ ટકાના ભારે ટેરિફ હોવા છતાં નિકાસમાં વૃદ્ધિ નોંધાઈ છે. તેમણે ઉમેર્યું હતું કે ઇલેક્ટ્રોનિક્સ, એન્જિનિયરિંગ, રસાયણો, રત્નો અને ઝવેરાત જેવા ક્ષેત્રોએ દેશના માલસામાનના નિકાસને વેગ આપવામાં મદદ કરી છે. નવેમ્બરમાં પેટ્રોલિયમ ઉત્પાદનોની નિકાસ પણ ૧૧.૬૫ ટકા વધીને ૩.૯૩ અબજ ડોલર થઈ છે. હકારાત્મક વૃદ્ધિ નોંધાવનારી અન્ય ચીજવસ્તુઓમાં ચા, કોફી, આયર્ન ઓર, કાજુ, તેલ ભોજન, ડેરી, હસ્તકલા, દરિયાઈ ઉત્પાદનો અને ચામડાની ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. જો કે, ચોખા, તેલ બીજ, કાર્પેટ અને પ્લાસ્ટિકના શિપમેન્ટમાં નકારાત્મક વૃદ્ધિ નોંધાઈ છે.

**ઉંચા ટેરીફ છતાં...**

અમેરિકાએ 27 ઓગસ્ટથી અમેરિકન બજારોમાં પ્રવેશતા ભારતીય માલ પર 50 ટકાનો જંગી જકાત લાદી છે. બંને દેશો દ્વિપક્ષીય વાણિજ્યને વેગ આપવા માટે દ્વિપક્ષીય વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યા છે. ભારતીય ટીમ વેપાર વાટાઘાટો માટે વોશિંગ્ટનમાં છે. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે પડકારો છતાં, નિકાસમાં સકારાત્મક વૃદ્ધિ નોંધાઈ છે. આપણે ફરી ઉભરી આવ્યા છીએ એમ તેમણે કહ્યું હતું.તેમણે કહ્યું કે ભારત પર ટેરિફ ૫૦ ટકા છે, જે દેશના સ્પર્ધકો કરતા લગભગ ૩૦ ટકા વધુ છે, તેથી આ થોડું પડકારજનક રહેશે. નિકાસકારો અત્યાર સુધી સપ્લાય ચેઈન ધરાવે છે... બંને બાજુ વાજબી અપેક્ષા છે કે બંને દેશો વહેલામાં વહેલી તકે (વેપાર) સોદો કરી શકશે અને કામ કરી શકશે. ચાલો જોઈએ કે આગામી થોડા મહિનામાં તે કેવી રીતે આગળ વધે છે એમ અગ્રવાલે કહ્યું હતું.

**પહેલગામ હુમલાનું...**

કરી રહ્યું છે. એનઆઈએએ હાફિઝ સઈદના નેતૃત્વ હેઠળના લશ્કર-એ-તૈયબા (એલઈટી)નું નામ આપ્યું છે, જેને અમેરિકા તેમજ ભારત દ્વારા વૈશ્વિક આતંકવાદી તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે, તેમજ સાજિદ જટ્ટના નેતૃત્વ હેઠળના ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (ટીઆરએફ)નું પણ ચાર્જશીટમાં નામ આપવામાં આવ્યું છે. આ વર્ષે ૨૨ એપ્રિલે બૈસરન ઘાસના મેદાનોમાં થયેલા પહેલગામ હુમલાના આયોજન, સુવિધા અને અમલમાં મૂકવા માટે ટીઆરએફને જવાબદાર ગણવામાં આવ્યું છે. જમ્મુ સ્થિત NIA સ્પેશિયલ કોર્ટમાં દાખલ કરાયેલી ચાર્જશીટમાં પાકિસ્તાની હેન્ડલર આતંકવાદી સાજિદ જટ્ટનું નામ પણ આરોપી તરીકે છે એમ આતંકવાદ વિરોધી એજન્સી દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે. ચાર્જશીટમાં ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓના નામ પણ છે, આ ત્રણેય આતંકવાદીઓને 29 જુલાઈના રોજ શ્રીનગરની બહાર સ્થિત દાચીગામ ખાતે ઓપરેશન મહાદેવ દરમિયાન સેના દ્વારા ઠાર કરવામાં આવ્યા હતા. NIA ના નિવેદનમાં જણાવાયું છે કે આ ત્રણેયની ઓળખ ફૈઝલ જટ્ટ ઉર્ફે સુલેમાન શાહ, હબીબ તાહિર ઉર્ફે જિબ્રાન અને હમઝા અફઘાની તરીકે થઈ છે.

**સોનું રૂ. ૪૦૦૦...**

ધરાવે છે એમ ત્રિવેદીએ વધુમાં જણાવ્યું હતું. ચાલુ કેલેન્ડર વર્ષ દરમિયાન, સોનાના ભાવ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ ૭૮,૯૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતા તેના પરથી ૫૮,૬૫૦ રૂપિયા અથવા ૭૪.૩ ટકા વધી ગયા છે.

બીજી બાજુ, એસોસિએશન મુજબ, ચાંદીના ભાવ ૧,૯૯,૫૦૦ રૂપિયા (બધા કર સહિત) પર સ્થિર રહ્યા છે. આ વર્ષે અત્યાર સુધીમાં, ચાંદીના ભાવ રૂ. ૧,૦૯,૮૦૦ અથવા ૧૨૨.૪૧ ટકા વધી ગયા છે, જે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ રૂ. ૮૯,૭૦૦ પ્રતિ કિલોગ્રામ હતા. આંતરરાષ્ટ્રીય બજારોમાં, સ્પોટ ગોલ્ડ સતત પાંચમા સત્રમાં ઉછળ્યું હતું, જે ૪૯.૮૩ ડોલર અથવા ૧.૧૬ ટકા વધીને ૪,૩૫૦.૦૯ ડોલર પ્રતિ ઔંસ થયું હતું.

**રિલાયન્સ કેસમાં...**

કર્યું હતું, અને આ આંકડો એક વર્ષમાં (૩૧ માર્ચ, ૨૦૧૮ સુધીમાં) બમણો થઈને ૧૩,૦૦૦ કરોડ રૂપિયા થઈ ગયો હતો. તપાસ હેઠળ રહેલી કંપનીઓમાં રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડ (RHFL) અને રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ લિમિટેડ (RCFL)નો સમાવેશ થાય છે. આ રોકાણોનો મોટો ભાગ નોન-પર્ફોર્મિંગ ઈન્વેસ્ટમેન્ટ્સ (NPI) માં ફેરવાઈ ગયો, અને છેવટે બેંકને આ સોદાઓથી રૂ. 3,300 કરોડનું નુકસાન થયું એમ અધિકારીઓ જણાવ્યું હતું. આ પ્રમાણભૂત વ્યવસાયિક વ્યવહારો નહોતા પરંતુ યસ બેંકના રોકાણોના બદલામાં કશું આપવા માટેના હતા. ADAG કંપનીઓએ કપૂરના પરિવાર દ્વારા નિયંત્રિત કંપનીઓને લોન આપી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

**દિલ્હી ડાયરી...**

રાધાકૃષ્ણનને ખાસ વિનંતી કરી, જ્યારે સાંસદો સામાન્ય રીતે દિલ્હીથી પોતાના મતવિસ્તારમાં જતા હોય છે. તેઓ એક વિચિત્ર વિનંતી લઈને આવ્યા, જે ચોક્કસપણે ફ્લાઈટ્સ ફરી શરૂ કરવા અથવા સાંસદો માટે ઉડાન ભરવા માટે ખાસ જોગવાઈ કરવા સંબંધિત નથી. સાંસદે કહ્યું કે, દિલ્હીથી બધી ઈન્ડિગો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હોવાથી અધ્યક્ષે પ્રશ્નકાળ વધુ એક કલાક માટે ચાલુ રાખવો જોઈએ, જેથી દરેક વ્યક્તિ વધુ કામ કરી શકે. જોકે, તેમની વિનંતી સ્વીકારવામાં ન આવી તે અલગ બાબત છે.

**સાંસદે માતાપિતાને મોબાઇલ શિષ્ટાચારનો પાઠ શીખવ્યો**

ભાજપના રાજ્યસભાના સાંસદ બ્રિજ લાલે 'ધ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ (એમેન્ડમેન્ટ) બિલ, 2024' પર ચર્ચામાં ભાગ લેતી વખતે માતાપિતાને મોબાઈલ શિષ્ટાચારનો પાઠ શીખવ્યો. ભાજપના સાંસદો અને મંત્રીઓની જેમ સાંસદે મોબાઈલ ફોનનો ઉપયોગ કેવી રીતે કરવો અને ખાસ કરીને બાળકોના સંબંધમાં અને નાના બાળકો દ્વારા પણ ઉપકરણના વ્યસન અને વધુ પડતા ઉપયોગની ફરિયાદોના સંબંધમાં ચોક્કસ બાબતો કેવી રીતે તપાસવી જોઈએ તે અંગે ઉપદેશ આપવાનું શરૂ કરી દીધું. સ્માર્ટફોનના વ્યસનની તુલના અફીણ સાથે કરતાં લાલ જેઓ અગાઉ ઉત્તર પ્રદેશના પોલીસ મહાનિર્દેશક તરીકે નિવૃત્ત થયા હતા અને રાજકારણમાં પ્રવેશીને સાંસદ બન્યા, તેમણે ચેતવણી આપી: ''માતાપિતાએ સાવધ રહેવાની જરૂર છે.'' આશ્ચર્યજનક રીતે તેમણે ઉત્તર પ્રદેશમાં એક સુપરકોપ તરીકેના પોતાના અનુભવના આધારે કોઈ મજબૂત ઉકેલ આપ્યા વિના જ ભાષણ ખતમ કરી દીધું.

**વન નેશન-વન-ઇલેક્શન બિલની તપાસ**

ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) બી.આર. ગવઈ, જેઓ 23 નવેમ્બરના રોજ નિવૃત્ત થયા હતા, તેઓ વન નેશન-વન-ઈલેક્શન બિલની તપાસ કરતી સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) સમક્ષ હાજર થવા માટે તૈયાર હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના આર્થિક સલાહકાર પરિષદના સભ્ય સંજીવ સન્યાલ અને આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (આઈએમએફ)ના ભૂતપૂર્વ પ્રથમ નાયબ મેનેજિંગ ડિરેક્ટર ગીતા ગોપીનાથ સાથે વાતચીત કર્યા પછી જેપીસીની મીટિંગ 17 ડિસેમ્બરે મળવાની ધારણા હતી. પરામર્શના ભાગ રૂપે ભાજપના સાંસદ પી. પી. ચૌધરીની અધ્યક્ષતામાં સંસદીય સમિતિ, તે પહેલાં રાજ્યસભા સાંસદ અને ભારતની સુપ્રીમ કોર્ટમાં વરિષ્ઠ વકીલ કપિલ સિબેલને પણ મળવાની છે. મોદી સરકાર દ્વારા ખૂબ જ ઉત્સાહથી અનુસરવામાં આવી રહેલા આ વિવાદાસ્પદ વિષય પર ગવઈના મંતવ્યો જોવા રસપ્રદ રહેશે.

## MMTH: એલિવેટેડ રોડ કોરિડોર માટે લાઈનદોરીમાં ફેરફાર કરાશે

**વોર્ડ** નં.7ની નો.નં. 355થી 357, નો.નં.286થી 288 અને ટીપી-1ના ફા. પ્લોટ નં.2ને અસર

**મનપાની** સ્થાયી સમિતિમાં દરખાસ્ત મુકાઈ



સુરતઃ સુરત ઈન્ટિગ્રેટેડ ટ્રાન્સપોર્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા સુરત રેલવે સ્ટેશનના નવીનીકરણ પ્રોજેક્ટ અંતર્ગત રિડેવલપમેન્ટ ફેઝ-૨માં નવા રેલવે સ્ટેશનની આસપાસ એલિવેટેડ રોડ કોરિડોર બનાવવાની યોજના અમલમાં મૂકવામાં આવી રહી છે. આ પ્રોજેક્ટને કારણે વર્ષ-૧૯૮૦માં સ્થાયી સમિતિ દ્વારા મંજૂર કરાયેલી લાઈન દોરીના અમુક હિસ્સામાં ફેરફાર કરવાની જરૂરિયાત ઊભી થતાં મનપા તંત્ર દ્વારા નવી લાઈનદોરી નક્કી કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. નવા પ્રસ્તાવ મુજબ આ સૂચિત ફેરફારને કારણે સિટી સરવે વોર્ડ નં.૭ની નોંધ નંબર ૩૫૫, ૩૫૬ અને ૩૫૭ હેઠળની કેટલીક મિલકતોને અસર થતી હોવા છતાં આ બાબતે જાહેર નોટિસ બાદ કોઈપણ પ્રકારના વાંધા કે સૂચનો રજૂ થયાં નથી. ઉપરાંત સહરા દરવાજાથી દિલ્હીગેટ થઈ લાલ દરવાજા મારફતે ગોટાલાવાડી વળાંક સુધીના માર્ગ પર પણ લાઈનદોરીમાં ફેરફાર કરવાનો પ્રસ્તાવ છે. આ ફેરફારથી સિટી સરવે વોર્ડ-૭ની નોંધ નં.૨૮૬, ૨૮૭, ૨૮૮ તેમજ ટી.પી.-૧, લાલ દરવાજાની ફાઈનલ પ્લોટ નં.૨ હેઠળની મિલકતોને અસર થાય છે. જો કે, આ મામલે પણ કોઈ વાંધા કે રજૂઆતો ન મળતાં તંત્રએ આગળની કાર્યવાહી શરૂ કરવાની તૈયારી દર્શાવી છે.

બંને લાઈનદોરી ફેરફારના પ્રસ્તાવો અંગે જરૂરી મંજૂરી માટે દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે. એલિવેટેડ રોડ કોરિડોરના નિર્માણથી રેલવે સ્ટેશન વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યામાં ઘટાડો થવાની સાથે શહેરના ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં મહત્ત્વપૂર્ણ સુધારો થવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.